**મે. હારીજના સિવીલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામ– હારીજ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૪/૨૦૨૬ |
| આંક | ૧૬ |
| ગુન્હાની કલમ | જુગાર ધારા કલમ– ૧૨ (અ) મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર (હારીજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૭૦૦૯૨૫૦૯૫૧/૨૦૨૫). |
| ફરીયાદી તરફે વિ..એ.પી.પી.શ્રી | વી.સી.ચૌહાણ. |
| આરોપીઓ | (૧) જીજ્ઞેશ કનુભાઇ ઉર્ફે ભોપાજી સરતાનજી ઠાકોર, ઉ.વ.૨૩, રહે. હારીજ, કાતરીચાવાસ, તા.હારીજ, જી.પાટણ.<br>(૨) જયમીન લાભશંકર રાજગોર, ઉ.વ.૩૮, મુળ રહેવાસી :– સરવાલ, તા.હારીજ, જી.પાટણ.<br>(૩) કૃણાલ ઉર્ફે ગોપાલ નિરજંનભાઇ સોની, ઉ.વ.૩૨, રહેવાસી :– મંગળદાસ માર્કેટ પાછળ, તા.હારીજ, જી.પાટણ. |
| આરોપીઓ તરફે વિ.વ. શ્રી | જે.બી.ઠાકર. |

| | |
|---|---|
| ફરિયાદ દાખલ તારીખ | ૧૦/૧૧/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૩/૦૧/૨૦૨૬ |
| આરોપીઓના જવાબ ની તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| હુકમ માટે રાખ્યાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૦૧/૦૭/૨૦૨૬ |
| સજા કર્યાની તારીખ | નિર્દોષ. |

**<u>આરોપીની માહિતી –</u>**

| **અનુ. નં.** | **આરોપીઓનું નામ** | **ધરપકડ ની તારીખ.** | **જામીન મુક્તિ તારીખ.** | **તહોમત** | **શું નિર્દોષ છોડ્યું / સજા કરી** | **સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ ૪૨૮ મુજબ.** |
|---|---|---|---|---|---|---|
| ૦૧ થી ૦૩ | (૧). જીજ્ઞેશ કનુભાઇ ઉર્ફે ભોપાજી સરતાનજી ઠાકોર, (૨). જયમીન લાભશંકર રાજગોર, (૩). કૃણાલ ઉર્ફે ગોપાલ નિરજંનભાઇ સોની, | – | | જુગાર ધારા કલમ–૧૨ (અ) મુજબ. | – | – |

**ફરીયાદી /બચાવ / ન્યાયાલયના સાક્ષી ની યાદી :–**

(અ). ફરિયાદ પક્ષ :–

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| ૦૧ | ૦૭ | લખનકુમાર અમૃતભાઈ | ફરીયાદી. |
| ૦૨ | ૦૯ | વિષ્ણુજી શકતાજી ઠાકોર | પંચ સાહેદ. |
| ૦૩ | ૧૧ | કૌશિકકુમાર ભરતભાઈ રાવળ | પંચ સાહેદ. |
| ૦૪ | ૧૩ | હસમુખભાઈ અમરાભાઈ | સાહેદ/ત.ક.અ. |

**(અ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા :–**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૦૧ | ૦૮ | ગુનાની ફરિયાદ. |
| ૦૨ | ૧૦ | ગુના વાળી જગ્યાનું પંચનામું. |
| ૦૩ | ૧૪ | ઈ–સાક્ષ્ય સર્ટીફીકેટ. |
| ૦૪ | ૧૫ | ડેપ્યુટ હુકમ. |

**(ક) ન્યાયાલય ::–**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| – | – | – |

નોધ:– ઉપરોક્ત સાક્ષીના પૂરાવામાં લાગુ પડતો પુરાવા નો પ્રકાર જેમ કે , નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરીયાદી /બચાવ /ન્યાયાલય ના સાક્ષી ની યાદી :–**

**(બ) બચાવ પક્ષ :–**

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| | | | |

## (બ) બચાવ પક્ષે દસ્તાવેજી પુરાવા :-

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| | | |

## / જજમેન્ટ /

**(૧).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઇ તારીખ ૧૦/૧૧/૨૦૨૫ ના કલાક ૧૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના અંગત ફાયદા સારુ મોજે હારીજ ટાઉનમાં કાતરીયાવાસમાં આ કામના આરોપી નં. ૧ ના ઘરની આગળ ખુલ્લામાં જાહેરમ પોતાના અંગત ફાયદા સારુ વરલી મટકાના આંક ફરકનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડતા રોકડ રકમ રૂ.૭૦,૦૧૦/- તથા મોબાઇલ નંગ-૧, કિં.રૂ.૫,૦૦૦/- તથા વરલી જુગાર લગત આંક લખેલ ડાયરી તથા ચિઠ્ઠીઓ તથા બોલપેન, કાર્બન પેજ એમ મળી કુલ રૂ.૭૫,૦૧૦/- ના જુગાર મુદ્દામાલ સાથે રેડ દરમ્યાન આરોપી નં. ૧ નાઓ પકડાઇ જઇ અને આરોપી નં. ૨ અને ૩ નાઓ હાજર ના મળી આવી, જેથી આ કામના ફરીયાદીએ સદર આરોપીઓની સામે હારીજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી છે.

**(૨).** ફરીયાદીની સદર ફરીયાદ હારીજ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર- ૧૧૨૧૭૦૦૯૨૫૦૯૫૧/૨૦૨૫ થી નોંધી આ ફરીયાદનાં કામે તપાસ કરનાર અમલદારને તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ મેળવી, સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીઓની સામે ધી જુગાર ધારા એકટની કલમ-૧૨

(અ) મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

**(૩).** ત્યારબાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિદ્ધવાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૦૪ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૪ મુજબ આ કામના આરોપીઓની આંક–૦૪ થી તથા આંક–૦૬ થી પ્લી લેતા તેની સમક્ષનાં ગુનાનો ઈન્કાર કરતા આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા ફરીયાદ પક્ષ તર્ફે પુરાવા રજુ માટે રાખવામાં આવેલ છે. આરોપીઓ વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવતાં આ કામે ફરીયાદ પક્ષ તરફે આ કામના આરોપીઓની સામેનું તહોમત પુરવાર કરવા માટે ઉપરોકત મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**(૪).** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એ ખુલ્લી અદાલતમાં પુરાવો બંધ થયાનું જાહેર કરતા આ કામ આરોપીઓનાં વધારાનાં નિવેદન નોંધવા માટે પુરતો પુરાવો ના હોઈ આ કામના આરોપીઓનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી અને આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપીઓ તર્ફે પુરાવાઓ રજુ કરવાનો હકક પૂર્ણ જાહેર કરી આ કામ આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

**<u>–:: ફરીયાદ પક્ષ તરફે ની દલીલો ::–</u>**

**(૫).** આ કામનાં ફરીયાદપક્ષના વિ. એ.પી.પી. શ્રી વી.સી.ચૌહાણ ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે આ કામે આરોપીઓ પોતે જાહેરમાં જુગાર રમતા

હોય તેથી તેઓની સ્થળ પર અટક કરવામાં આવેલ છે અને તેઓના કબજામાંથી હાલનો મુદ્દામાલ મળી આવેલ છે. વધુમાં ફરીયાદ પક્ષ આ કામના આરોપીઓ જાહેરમાં આંક ફરકનો જુગાર રમી રહેલા હતા તેવી હકીકત સાહેદોના પુરાવા પર થી પુરવાર કરવામાં સફળ રહેલા હોવાનુ જણાય આવે છે. અને આથી આરોપીઓની સામેનો ગુન્હો શંકા થી પર પુરવાર કરી શકેલા હોવાથી આરોપીઓને હાલના ગુન્હા માં સજા કરવા અરજ ગુજારેલ છે.

**<u>–:: આરોપી પક્ષ તરફે ની દલીલો : :–</u>**

**(પ.૧).** આ કામના આરોપીઓના વિ.વ.શ્રી જે.બી.ઠાકર ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે આ કામે આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોવાનુ રેકર્ડ પરના પંચનામા થકી પુરવાર થતુ નથી. વધુમાં તેઓ તેમની દલીલમાં જણાવે છે કે હાલના કામે ફરીયાદ પક્ષ તરફે આરોપીઓ સ્થળ પર જાહેરમાં આંક ફરકનો જુગાર રમી રહેલા હતા તેવુ દર્શાવવા માટે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. અને આથી આરોપીઓ ખરેખર બનાવના દીવસે જાહેરમાં વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રહેલા હતા તેવુ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતરપણે નિષ્ફળ ગયેલા છે. વધુમાં તેઓ તેમની દલીલમાં જણાવે છે કે હાલના કામે ફરીયાદપક્ષ તરફે સાહેદો જે તપાસેલા છે તે પોલીસ સાહેદો હોવાનુ જણાય આવે છે. અને આથી પોલીસ સાહેદો તેમની કામગીરી બતાવવા માટે હાલની જુબાની આપતા હોય તેઓની જુબાની માની શકાય નહી. આથી આરોપીઓની સામેનો ગુન્હો શંકા થી પર પુરવાર કરી શકેલા ન હોવાથી આરોપીઓને હાલના ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૬).** આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેના વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલા પુરાવાઓ વંચાણે લેતા આ ફરીયાદના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**- મુદ્દાઓ ::-**

(૧)... શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઇ તારીખ ૧૦/૧૧/૨૦૨૫ ના કલાક ૧૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના અંગત ફાયદા સારુ મોજે હારીજ ટાઉનમાં કાતરીયાવાસમાં આ કામના આરોપી નં. ૧ ના ઘરની આગળ ખુલ્લામાં જાહેરમ પોતાના અંગત ફાયદા સારુ વરલી મટકાના આંક ફરકનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડતા રોકડ રકમ રૂા.૭૦,૦૧૦/- તથા મોબાઇલ નંગ-૧, કિં.રૂા. ૫,૦૦૦/- તથા વરલી જુગાર લગત આંક લખેલ ડાયરી તથા ચિઠ્ઠીઓ તથા બોલપેન, કાર્બન પેજ એમ મળી કુલ રૂા.૭૫,૦૧૦/- ના જુગાર મુદ્દામાલ સાથે રેડ દરમ્યાન આરોપી નં. ૧ નાઓ પકડાઇ જઇ અને આરોપી નં. ૨ અને ૩ નાઓ હાજર ના મળી આવી, ધી જુગાર ધારા કલમ-૧૨ (અ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨)... શું હુકમ ?

**(૭).** ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

(1)... નકારમાં.

(2)... આખરી હુકમ મુજબ,

**-:: કારણો::-**

**મુદ્દા નં.૧::-**

**(૮).** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને તેઓની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી. દ્વારા લંબાણપૂર્વકની ઉલટતપાસ

કરવામાં આવેલ છે અને આથી સદર સમગ્ર પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોવાથી તેઓની ચર્ચા અત્રે કરવામાં આવતી હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુ માત્ર થી ફરીયાદી અને સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને ઉલટતપાસનુ સંપુર્ણ વર્ણન અત્રે કરવામાં આવેલ નથી.

(૯)... હાલના કામે ફરીયાદ પક્ષે આરોપીઓની વિરુધ્ધ આંક–૦૪ થી આંક–૦૬ સુધી આક્ષેપાયેલ તહોમત મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે સૌપ્રથમ આ કામના આરોપીઓ પોતે જુગાર રમી રહેલા હોવાનુ તથા સદર વરલી મટકાના આંક ફરકનો જુગારની રમત રમતી વેળા હાલનો મુદ્દામાલ તેઓના પોતાના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવ્યા હોવાની હકીકત તથા સદર મુદ્દામાલ પંચોની હાજરીમાં રીકવર કરેલ હોવાની હકીકત તથા સાથેસાથે આ કામના આરોપીઓ જાહેર જગ્યાએ વરલી મટકાના આંક ફરકનો જુગાર રમતા હોવાની હકીકત પુરવાર કરવી પડે.

(૧૦). જે અનુસંધાને સદર તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફથી હાલના કામે સૌ પ્રથમ હાલના કામે ફરીયાદી લખનકુમાર અમૃતભાઇનાઓને આંક–૦૭ થી સોગંદ ઉપર તપાસવમાં આવેલ છે. જેઓ તેમની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે, બનાવ વાળી જગયાની આજુબાજુ માણસોની અવર જવર રહે છે, સામાન્ય રીતે કોઇ પણ વ્યકિત પાસે નાની ડાયરી અને બોલપેન હોઇ શકે, કહેવાતા બનાવ વખતે કોઇ વયકિતએ આરોપીને પૈસા આપેલા હોય કે આરોપીએ કોઇ વયકિતને પૈસા આપેલા હોય તેવુ બનેલ નહી, આરોપી નં.ર અને ૩ બનાવ વાળી જગયાએથી મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે. તેમજ આ કામના તપાસ કરનાર અમલદાર હસમુખભાઇ અમરાભાઇ નાઓને આંક–૧૩ થી સોગંધ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓ તેમની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે, હાલના કામે રેડમાં પણ તેઓ સામેલ હતા અને આ ગુનાના કામે તપાસ પણ તેઓએ જ કરેલી છે, બનાવ વાળી જગ્યાએ ઘણા મકાનો આવેલા છે અને ત્યાં લોકોની અવર જવર રહેતી હોવાનું સ્વીકારેલ છે.

આમ હાલના કામે ફરીયાદપક્ષે જે પણ સાહેદ તપાસવામાં આવેલા છે તે પોલીસ સાહેદ છે જેઓએ તેઓની ફરીયાદ, નિવેદન તથા તપાસને અનુરૂપ જુબાની આપેલી છે એટલે કે તેઓએ હાલના કામે રજુ થયેલી આંક–૦૮ વાળી ફરીયાદને સમર્થન મળે તે મુજબની જુબાની આપેલ છે પરંતુ ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૧૫૯ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં મજકુર સાહેદનો સમાવેશ રસ ધરાવતા સાહેદમાં થતો હોય રસ ધરાવતા સાહેદની જુબાની સ્વતંત્ર સાહેદની જુબાની ધ્વારા સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેઓની એક માત્ર જુબાની ઉપર આધાર રાખી આરોપીઓ વિરૂધ્ધ અનુમાન કરી શકાય નહી તે મુજબની જોગવાઈ ધ્યાને રાખી રેકર્ડ વંચાણે લેતા કોઈ સ્વતંત્ર સાક્ષી રેકર્ડ પર તપાસેલ નથી.

**(૧૧).** વધુમાં હાલના કામે રેકર્ડ વંચાણે લેતા હાલના કામે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે જે આ કામના પંચ સાહેદ વિષ્ણુજી શકતાજી ઠાકોર નાઓને આંક–૦૯ થી તથા આ કામના બીજા પંચ સાહેદ કૌશિકકુમાર ભરતભાઈ રાવળ નાઓને આંક–૧૧ થી સોગંધ ઉપર તપાસવામાં આવેલા છે જેઓ તેમની સોગંધ ઉપરની જુબાનીમાં હાલના કામે કરવામાં આવેલ મુદ્દામાલ રીકવરી પંચનામાની હકીકતને સમર્થન કરતી જુબાની આપેલ નથી. વધુમાં આ કામે પંચ સાહેદોની જુબાની થકી પોલીસે તેમની એક તૈયાર પંચનામામાં સહી લીધેલી હોવાનું તથા તેમની હાજરીમાં પંચનામું થયેલ હોય તેવું બનેલ નહી હોવાનું જણાવે છે. આમ આ કામના આરોપીઓ પોતે બનાવના દીવસે વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમી રહેલા હોય અને આવો જુગારનો રમતા સમયે આરોપીઓના કબજામાંથી હાલનો મુદામાલ રીકવર કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત સદર પંચ સાહેદોની સોગંધ ઉપરની જુબાની થકી પુરવાર થતી હોય તેવું જણાય આવતું નથી. વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક–૧૦ થી મુદ્દામાલ રીકવરી પંચનામુ રજુ કરવામાં આવેલ છે.

**(૧૨).** વધુમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદો, Narayan

Sheorao Dhangar vs The State Of Maharashtra (1969) 71 BOMLR 328 નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર હાઈકોર્ટ દ્વારા પાસ નંબર–પ માં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

–::Para–5::–

" A reading of the above quoted provisions will show that though the police officer is empowered to apprehend and search without warrant any person as described in cl, (a) of Section 12 of the Act, what is punishable under that section is only the act of gaming on. the part of the person so apprehended or searched. It is only on the proof of the fact that the accused was actually gaming that a prosecution under Section 12 of the Act can succeed. Merely because a police officer has been empowered to apprehend and search a person reasonably suspected to be gaming, it does not mean that the prosecution is absolved of the obligation to prove that such person was found gaining in a public place. The provisions of Section 12(a) of the Act were considered in a Full Bench decision of this Court in Emperor v. Somabhai Govindbhai (1938) 40 Bom. L.R. 1082. The following observations in the judgment delivered by Broomfield J. in that case are relevant (p. 1087):

It would be a remarkable departure from the accepted principles of criminal justice if the mere fact of being reasonably suspected by a police officer were to be held sufficient to justify a conviction of a criminal offence, Owing to the interpolations made from time to time in the Act the law of gambling has no doubt assumed a form different in some respects from the intention of the original framers of the Act. But I cannot believe that the law has been changed to this extent. A man may be arrested on a reasonable suspicion of gaming in a public place but he can only be convicted of the offence at which the section is aimed, yis actual gaming in public.

I may observe in passing that I entirely agree with Mr. Justice Broomfield's view that the conviction must be of gaming, and not merely of being reasonably suspected to be gaming.

It appears, therefore, to be beyond controversy now that unless the prosecution proves that gaming was actually going on in a public place a prosecution under Section 12 of the Act cannot succeed".

વધુમાં હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી જેથી પણ આ કામના ફરીયાદપક્ષને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આથી હાલના કામે ફરીયાદપક્ષ તરફથી આ કામનાં આરોપીઓ પાસેથી હાલનો મુદ્દામાલ કબજે કરેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય આ કામના આરોપીઓની પાસેથી જ હાલના કામનો મુદ્દામાલ મળ્યા હોવા અંગેની હકીકત માની શકાય તેમ નથી. વધુમાં હાલના કામે આરોપીઓ પોતે બનાવના દીવસે વરલી મટકાનો આંક ફરકનો હારજીતનો જુગાર રમી રહેલા હતા તે હકીકત રેકર્ડ પર થી જણાય આવતી નથી. વધુમાં હાલની બનાવ વાળી જગ્યાએ માણસોની અવર જવર રહેલી હોય તેવુ પણ રેકર્ડ પર આવી શકેલ નથી.

વધુમાં હાલના કામે આરોપીઓ તરફે હાલના કામે કબજે કરવામાં આવેલ રોકડ રકમ બાબતે કોઈ કલેઈમ કરતાં ન હોવા બાબતની નો–ક્લેઈમ પુરસીસ રજુ કરવામાં આવેલ નથી.

**(૧૩).** આમ, આરોપીઓ બનાવના દીવસે જાહેર જગ્યાએ કે જયાં માણસોની અવર જવર રહેલી હોય અને માણસો અવર જવર કરી રહેલા હોય અને આરોપીઓ વરલી મટકાનો આંક ફરકનો હારજીતનો જુગાર રમી રહેલા હતા તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

***– // આખરી હુકમ //–***

❖ આ કામના આરોપીઓ નામે (૧) જીજ્ઞેશ કનુભાઈ ઉર્ફે ભોપાજી સરતાનજી ઠાકોર, ઉ.વ.૨૩, રહે. હારીજ, કાતરીચાવાસ, તા.હારીજ,

જી.પાટણ, (૨) જયમીન લાભશંકર રાજગોર, ઉ.વ.૩૮, મુળ રહેવાસી :- સરવાલ, તા.હારીજ, જી.પાટણ, (૩) કૃણાલ ઉર્ફે ગોપાલ નિરજંનભાઈ સોની, ઉ.વ.૩૨, રહેવાસી :- મંગળદાસ માર્કેટ પાછળ, તા.હારીજ, જી.પાટણ વાળા નાઓને બી.એન.એસ.એસ. ની કલમ -૨૭૮(૧) અન્વયે ધી જુગાર ધારાની કલમ-૧૨(અ) મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

❖ આરોપીઓના જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

❖ આ કામે મુદ્ધામાલ પાવતી નંબર- ૧૨૮/૨૦૨૫ થી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ જુગારના સાહીત્યનો અપીલ સમય વીત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. વધુમાં કામ ચાલતા દરમ્યાન બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ મુજબ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૮ મુજબ યથાવત રાખવામાં આવે છે. વધુમાં હાલના કામે મુદ્ધામાલ તરીકે રોકડનો અપીલ સમય વિત્યા બાદ રકમ રૂ.૭૦,૦૧૦/- સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

❖ આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ મુજબના રૂ.૫,૦૦૦/- ના અપીલ જામીન આપવા.

હુકમ આજ તારીખ ૦૧ લી, માહે-જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬ (મિત્તલબેન દિલીપસિંહ જાદવ)
સ્થળ- હારીજ જ્યુડી.મેજી. ફ.ક. હારીજ,
કોડ નં. જી.જે.૦૧૭૪૬

એલ કે પરમાર, સ્ટેનો